Subject : Account
Standard : ધોરણ 12
Chapter : 1,2
Name : ______________

# ACCOUNT

Exam Time : 2
Date : 03/07/2020
Marks : 100
Roll No. : ___________

## SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ) (Marks - 10)

1. ભાગીદારના ચાલુ ખાતાની જમા બાકીનું વ્યાજ એ ભાગીદાર માટે શું છે?
   A. નુકસાન B. દેવું C. આવક D. ખર્ચ
2. ભાગીદારના ઉપાડ પરનું વ્યાજ એ પેઢી માટે શું છે?
   A. નુકસાન B. આવક C. દેવું D. ખર્ચ
3. સામાન્ય રીતે ભાગીદારોના મૂડી ખાતાની કઈ બાકી હોય છે કે,
   A. ઉધાર B. જમા C. ઉધાર કે જમા D. આપેલ પૈકી એક પણ નહિ
4. ભાગીદારની મૂડીની જમા બાકી પર વ્યાજ ગણતાં ભાગીદારની મૂડી પર શું અસર થાય ?
   A. વધે B. ઘટે C. વધે કે ઘટે D. આપેલ પૈકી એક પણ નહિ
5. હંગામી મૂડી પ્રથામાં ભાગીદારના ભાગનો નફો કયા ખાતે કઈ બાજુ લખાય ?
   A. ચાલુ ખાતે જમા B. ચાલુ ખાતે ઉધાર C. મૂડી ખાતે જમા D. મૂડી ખાતે ઉધાર
6. નીચેનામાંથી કયો ખર્ચ વહીવટી ખર્ચ ગણાય ?
   A. લોનનું વ્યાજ B. વટાવ C. ફર્નિચર પર ઘસારો D. પગાર
7. માલ-પરત જમાને શું કહે છે ?
   A. ખરીદ-પરત B. વેચાણ C. વેચાણ પરત D. ખરીદી
8. ખરીદમાલ-પરતને શું કહે છે?
   A. માલ-પરત જમા B. જમા C. માલ-પરત ઉધાર D. ઉધાર
9. ભાગીદારી કરારમાં જોગવાઈ ન હોય, તો ભાગીદારો વચ્ચે નફો કે નુકસાન કયા પ્રમાણમાં વહેંચાય છે?
   A. ત્યાગના પ્રમાણમાં B. લાભના પ્રમાણમાં C. મૂડીના પ્રમાણમાં D. સરખા પ્રમાણમાં
10. માલ-પરત ઉધાર એટલે શું?
   A. વેચાણમાલ-પરત B. વેચાણ C. ખરીદમાલ-પરત D. ખરીદી

## SECTION - B

➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ) (Marks - 10)

1. હવાલાનોધ લખો : રૂ.3,000નો માલ આગથી બળી ગયો, વીમાકંપનીએ 80 % રકમનો દાવો મંજુર કરેલ છે.
2. હવાલાનોધ લખો : રૂ.500નું વ્યાજ અગાઉથી મળેલ છે.
3. હવાલાનોધ લખો : આખર સ્ટૉકની કિંમત રૂ. 40,000 છે, પરંતુ તેની બજારકિંમત 20 % ઓછી છે.
4. મળવાની બાકી આવક : હવાલાઓની અસરો ક્યાં દર્શાવશો?
5. હવાલાનોધ લખો : હિસાબી વર્ષના અંતે ધંધામાં રૂ.50,000 ના દેવાદારો છે, જેમાંથી રૂ.4,500 ઘાલખાધના માંડી વાળો અને દેવાદારો પર 10% ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.
6. ભાગીદારીનાં લક્ષણો (Characteristics of Partnership) જણાવો.
7. ભાગીદારી પેઢીમાં ઓછામાં ઓછા કેટલા અને વધુમાં વધુ કેટલા ભાગીદાર હોય છે?
8. ભાગીદારી કરારનામું તૈયાર કરવાનો હેતુ જણાવો.
9. નફા-નુકસાન ફાળવણી ખાતું એ કયા ખાતાંનો જ એક ભાગ છે ?

OR

9. જો ભાગીદારના ચાલુ ખાતાંની ઉધાર બાકી હોય, તો પાકા સરવૈયામાં કઈ બાજુએ દર્શાવવામાં આવે છે?

MINRAJ

10. ભાગીદારી કરારનામું એ પેઢીનું શું ગણાય?

## SECTION - C

➽ **નીચેના પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો. (પ્રત્યેકનો 3 ગુણ)** **(Marks - 18)**

1. જુહી, જુલી અને જીમી એક પેઢીના ભાગીદારો છે. તેમની કુલ મૂડી રૂ.4,00,000 છે. તેમની મૂડીનું પ્રમાણ 5: 3: 2 છે.પેઢી મૂડી પર વાર્ષિક 6 % ના દરે વ્યાજ ચૂકવે છે. ભાગીદાર જીમીને વ્યાજ સહિત રૂ. 1,24,800 મળ્યા છે, તો ભાગીદાર જુહીને મૂડીના વ્યાજ સહિત કેટલા મળશે ?
2. રાજકુમાર, કૌશિક અને શર્માનું નફા-નુકસાનનું પ્રમાણ 15 : 10 : 9 છે, જો વર્ષના અંતે પેઢીનો કુલ નફો રૂ. 68,000 થયો હોય તો દરેક ભાગીદારને મળતો નફો શોધો.
3. પાંચાલીને વૈદેહી કરતાં $2\frac{1}{2}$ ગણો નફો તથા સીતાને વૈદેહીનો $\frac{3}{4}$ નફો મળે છે. પેઢીનો કુલ નફો રૂ. 34,000 હોય, તો સીતાને કેટલો નફો મળશે?
4. દીપા, દીયા અને દીના 3 : 2 :1 ના પ્રમાણમાં નફો-નુકસાન વહેચે છે. દીયાને તેનું કમિશન ગણ્યા પછીના નફાના 5 % કમિશનું મળે છે. જો દીયાને રૂ.8,000 કમિશન મળતું હોય,તો દીનાના ભાગનો નફો શોધો.

**OR**

4. ચિંતન, કિર્તન અને નર્તન એક પેઢીના ભાગીદારો છે. નફાની વહેંચણી કર્યા પછી માલુમ પડ્યું કે તેમણે કરેલા ઉપાડ પર અનુક્રમે રૂ. 1,700 ; રૂ. 2,400 અને રૂ. 3,100 વ્યાજ ગણવાનું રહી ગયું છે. ભૂલ-સુધારણા નોંધ લખો.
5. તફાવત લખો :સ્થિર (કાયમી) મૂડી ખાતાની પદ્ધતિ અને અસ્થિર (હંગામી) મૂડી ખાતાની પદ્ધતિ

**OR**

5. પરેશ અને મહેશ ભાગીદારો છે. તેમની મૂડી અનુક્રમે રૂ. 25,000 અને રૂ. 40,000 છે. જો સુરેશને રૂ.15,000ની મૂડીથી ભાગીદાર તરીકે દાખલ કરવામાં આવે, તો નવી પેઢીનું નફા-નુકસાનનું પ્રમાણ શોધો.
6. પાહિની અને પાનેરી એક પેઢીના ભાગીદારો છે. પાહિની દર માસની પહેલી તારીખે રૂ.800નો ઉપાડ કરે છે. જ્યારે પાનેરી દર માસની છેલ્લી તારીખે રૂ. 800નો ઉપાડ કરે છે. 12 % લેખે બંનેના વ્યાજનો તફાવત શોધો.

## SECTION - D

➽ **નીચેના પ્રશ્નોનાં માંગ્યા મુજબ ઉત્તર આપો. (પ્રત્યેકનો 4 ગુણ)** **(Marks - 16)**

1. X અને Y એક પેઢીના ભાગીદારો છે. તેઓએ ભાગીદારી કરારનામું તૈયાર કર્યું નથી. ભાગીદારો વચ્ચે નીચેના પ્રશ્નો અંગે મતભેદ છે. તમે ભાગીદારોને કાયદેસરની સલાહ આપો.
   (1) x ભાગીદારોએ કરેલ ઉપાડ પર 6 % વ્યાજ લેવાની માંગણી કરે છે.
   (2) Y પેઢીમાં સક્રિય ભાગીદાર તરીકે કામ કરે છે તે બદલ મહેનતાણું અને કમિશન માંગે છે.
   (3) x ભાગીદારોને મૂડી પર વ્યાજ આપવા માંગણી કરે છે.
   (4) x દ્વારા પેઢીને રૂ.20,000 લોન તરીકે ધીરવામાં આવેલા છે. તે લોન પર વ્યાજની માંગણી કરે છે.
   (5) Y ને પેઢીએ રૂ.25,000ની લોન આપેલ છે. X લોન પર વ્યાજ વસૂલ કરવાનું કહે છે.
   (6) x પેઢીના નફાની વહેંચણી ભાગીદારોની મૂડીના પ્રમાણમાં વહેંચવાનું કહે છે.
2. નફા-નુકસાન ફાળવણી ખાતું (Profit-Loss Appropriation Account) એટલે શું? તેમાં દર્શાવાતી વિગતો દર્શાવો.

**OR**

2. ટૂંક નોંધ લખો : ભાગીદારોનાં ઉપાડ ખાતાં (Drawing Accounts of Penners)
3. ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરવાની પદ્ધતિ ટુંકમાં સમજાવો.

**OR**

3. ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરતી વખતે કાચા સરવૈયામાં આપેલી નીચેની બાકી ક્યાં દર્શાવશો?
   (1) ઘાલખાધ - પરત (2) ફેક્ટરીના મકાન પર ઘસારો (3) મજુરી અને પગાર ( 4) પ્રોવિડન્ટ ફંડનાં રોકાણો (5) દેવીહૂંડી (6) ઉપાડથી ગયેલ માલ (7) માલ-પરત જમા (8) માલ –પરત ઉધાર (9) ભાગીદારે પેઢીને આપેલી લોન (10) પ્રોવિડન્ટ ફંડનાં રોકાણોનું વ્યાજ
4. ભાગીદારી પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરવાના હેતુઓ કે ઉદ્દેશો જણાવો.

## SECTION - E

➽ નીચેના પ્રશ્નોનાં માંગ્યા મુજબ ઉત્તર આપો. (પ્રત્યેકનો 8 ગુણ) (Marks - 24)

1. શારદા, જમના અને ગણેશ એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-'16ના રોજ તેઓની મૂડી અનુક્રમે રૂ.72,000, રૂ.48,000 અને રૂ. 24,000 હતી. ભાગીદારી કરારપત્ર અનુસાર -
(1)ભાગીદારોની શરૂઆતની મૂડી પર વાર્ષિક 5% વ્યાજ આપવાનું છે.
(2)ઉપાડ પર વાર્ષિક 8%વ્યાજ વસૂલ લેવાનું છે.
(3)શારદાને માસિક રૂ.700 પગાર આપવાનો છે.
(4)નફાનો અડધો ભાગ ભાગીદારો વચ્ચે સરખે હિસ્સે અને બાકીનો અડધો ભાગ તેઓની શરૂઆતની મૂડીના પ્રમાણમા વહેચવાનો છે.

તા.31 -12 – '16 ના રોજ ગણેશે રૂ.6,000 પેઢીમાથી અંગત વપરાશ માટે ઉપાડ્યા હતા.

ઉપાડ પર વ્યાજ ગણ્યા પછી પરતું ઉપરોક્ત અન્ય હવાલાઓ નાખ્યા પહેલાનો તા. 31 – 3 – '17 ના રોજ પૂરા થતાં વર્ષનો પેઢીનો નફો રૂ. 81,600 છે. ભાગીદારોમાં નફાની વહેંચણી થાય તે પહેલા અને ઉપરના હવાલાઓ નાખ્યા પછી જે નફો રહે તેના 20% (પરંતુ રૂ. 18,000 થી ઓછા નહીં, એટલી રકમ) પેઢીના સામાન્ય અનામત ખાતે લઈ જવાના છે.

ઉપરની વિગતો પરથી તા. 31-3-'17ના રોજ પુરા થતા વર્ષનું પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું તેમજ ભાગીદારોના મૂડી ખાતા તૈયાર કરો .

2. હરપાલ અને ચિરાગ એક પેઢીના ભાગીદારો છે. તા. 1-4-'16ના રોજ તેઓની મૂડી અનુક્રમે રૂ. 60,000 અને રૂ.1,00,000 છે. વર્ષ દરમિયાન હરપાલે તા. 1- 4- '16 ના રોજ રૂ.15000નો તથા ચિરાગે તા. 1-1-'17ના રોજ રૂ.20,000નો ઉપાડ કર્યો છે. ભાગીદારી કરારપત્રની જોગવાઈઓ નીચે પ્રમાણે છે : (1) મૂડી પર વાર્ષિક 12 % વ્યાજ ગણવું. (2) ઉપાડ પર વાર્ષિક 9 % વ્યાજ વસૂલ કરવાનું છે. (3) હરપાલને પેઢીમાં સક્રિય કામગીરી કરવા બદલ માસિક રૂ.1,000 પગાર આપવાનો છે તથા ચિરાગને વહેંચણીપોત્ર નહોનો 5 % કમિશન આપવાનું છે.

હરપાલે તા. 1-12 -'16 ના રોજ પેઢીને રૂ. 30,000ની લોન આપી છે. ભાગીદારી કરારપત્રમાં લોનના વ્યાજ અંગે કોઈ ઉલ્લેખ નથી.તે લોન પર વાર્ષિક 11 % લેખે વ્યાજની માગણી કરે છે.

તા. 31-3-'17ના રોજ પૂરા થતા વર્ષનો ઉપરની જોગવાઈઓ પહેલાંનો અને હરપાલની લોન પર વ્યાજ ગયા પછીનો પેઢીનો નફો રૂ.79,400 છે.
ઉપરની વિગતો પરથી પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું અને ભાગીદારોનાં મૂડી ખાતાં તૈયાર કરો.

**OR**

2. 'અ', 'બ' અને 'ક' એક પેઢીના ભાગીદારો છે.તા. 1-4-'16ના રોજ તેઓની મૂડી અનુક્રમે રૂ. 36,000; રૂ. 24,000 અને રૂ. 12,000 હતી. પેઢીના ભાગીદારી કરારપત્રમાં ભાગીદારોને શરૂઆતની મૂડી પર 5 % વ્યાજ આપવાની, ઉપાડ પર 8 % વ્યાજ લેવાની અને 'અ'ને માસિક રૂ. 350 લેખે પગાર આપવાની જોગવાઈ છે. 'અ' એ રૂ. 10,000 પેઢીને તા. 1-4-'16ના રોજ લોન તરીકે આપ્યા હતા પણ ભાગીદારી કરારપત્રમાં તેના પર વ્યાજ આપવાની જોગવાઈ નથી અને 'અ'એ યોગ્ય દરે વ્યાજ મેળવવાની માગણી કરી છે. તા. 1-1-'17ના રોજ 'ક' એ પોતાની દીકરીનાં લગ્ન માટે રૂ. 3,000 પેઢીમાંથી ઉપાડ્યા હતા.

ઉપરના હવાલાઓ નોંધ્યા પહેલાનો તા. 31-3-'17 ના રોજ પુરા થતા વર્ષનો નફો રૂ. 40,740 છે. નફાનો અડધો ભાગ ભાગીદારોને સરખે હિસ્સે અને બાકીનો અડધો ભાગ તેઓની શરૂઆતની મુડીના પ્રમાણમાં વહેચવાનો છે. પરંતુ ભાગીદારોમાં નફાની વહેંચણી થાય એ પહેલાં અને ઉપરના હવાલા પછી જે નફો રહે તેના 20% (પરંતુ રૂ. 9,000 થી ઓછા નહિ એટલી રકમ) પેઢીના બિલ્ડીંગ ફંડ ખાતે જમા કરવાની છે.

ઉપરની વિગતો પરથી તા. 31 - 3 - '17ના રોજ પૂરા થતા વર્ષનું પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું તેમજ 'અ' અને 'ક' નાં મૂડી ખાતાં તૈયાર કરો.

MINRAJ

3. ભદ્રેશ અને હિરલ એક પેઢીના ભાગીદારો છે. તેમનું નફા-નુકસાનની વહેચણીનું પ્રમાણ 3:2 છે.તા. 1 -4 '16 ના રોજ ભાગીદારોની કુલ મુડી રૂ. 4,20,000 છે. તેઓની સ્થિર મુડીનું પ્રમાણ 4 : 3 છે. આ જ દિવસે તેમના ચાલુ ખાતાની બાકીઓ આ પ્રમાણે છે : ભદ્રેશ રૂ.36,000 (જમા), હિરલ રૂ. 24,000 (ઉધાર.) ભાગીદારી કરાર અનુસાર ભાગીદારોની મૂડી પર વાર્ષિક 12% વ્યાજ આપવાનું છે તથા ચાલુ ખાતાની શરૂઆતની બાકી પર વાર્ષિક 10% વ્યાજ ગણવાનું છે. ભાગીદારોએ પેઢીમાથી કરેલા ઉપાડ પર વાર્ષિક 12% લેખે વ્યાજ વસૂલ કરવાનું છે. ભદ્રેશને પેઢીમાં સક્રિય કામ કરવા બદલ માસિક રૂ.2400 પગાર આપવાનો છે.

ભદ્રેશે તા. 1 -10 – '16 ના રોજ રૂ.36,000 અને હિરલે તા. 1 -1 – '17 ના રોજ રૂ.48,000 નો ઉપાડ કર્યો છે.હિરલને તેનું કમિશન બાદ કર્યા પછીના ચોખ્ખા નફા પર 10% કમિશન આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

ઉપરના હવાલાઓ ધ્યાનમાં લીધા સિવાય તા.31 – 3 – '17 ના રોજ પૂરા થતાં વર્ષનો પેઢીનો નફો રૂ.4,06,800 છે.

ઉપરની વિગતો પરથી પેઢીનું નફા-નુકસાન ફાળવણી ખાતું તથા સ્થિર પધ્ધતિએ ભાગીદારોના મૂડી ખાતા અને ચાલુ ખાતા તૈયાર કરો.

## SECTION - F

➽ **નીચેના પ્રશ્નોનાં માંગ્યા મુજબ ઉત્તર આપો. (પ્રત્યેકનો 11 ગુણ)** **(Marks - 22)**

MINRAJ

1. આપેલ કાચા સરવૈયા અને હવાલા પરથી વાર્ષિક હિસાબો તૈયાર કરો :

**તા. 31 – 3 – '17ના રોજનું કાચું સરવૈયું**

| ખાતાનું નામ | ખા. પા. | ઉધાર બાકી ₹ | જમા બાકી ₹ |
|---|---|---|---|
| મૂડી અને ઉપાડ : ભાવિક | | 5,000 | 30,000 |
| વિરલ | | 3,000 | 20,000 |
| ખરીદ-વેચાણ | | 54,600 | 98,700 |
| માલ સ્ટૉક (તા. 1 – 4 – '16) | | 3,000 | |
| વટાવ અનામત | | | 200 |
| હૂંડીઓ | | 31,963 | 1,800 |
| રોકડસિલક | | 37 | |
| જાવકમાલ ગાડાભાડું | | 1,800 | |
| સૅલ્સમૅનનું કમિશન | | 1,200 | |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | | 400 | 2,000 |
| આવકમાલ ગાડાભાડું | | 600 | |
| જકાત | | 1,000 | |
| મજૂરી અને નહીં ચૂકવેલ મજૂરી | | 400 | 1,500 |
| અગાઉથી ચૂકવેલ કમિશન | | 300 | |
| પાઘડી | | 4,500 | |
| દેવાદારો-લેણદારો | | 30,500 | 10,000 |
| ફર્નિચર | | 5,000 | |
| પગાર | | 9,000 | |
| વટાવ | | 1,000 | 400 |
| પટે રાખેલ મકાન (તા. 1 – 7 – '16થી 15 વર્ષ માટે) | | 15,000 | |
| માલ-પરત | | 700 | 600 |
| વીમા-પ્રીમિયમ | | 1,200 | |
| સ્ટેશનરી | | 500 | |
| બૅન્ક ઓવરડ્રાફ્ટનું વ્યાજ અને બૅન્ક ઓવરડ્રાફ્ટ | | 500 | 6,000 |
| કુલ સરવાળો | | 1,71,200 | 1,71,200 |

હવાલા : (1)મૂડી પર 5% અને ઉપાડ પર 12 % લેખે વ્યાજ ગણવાનું છે. જ્યારે રૂ.30,000 સુધીનો નફો મૂડીના પ્રમાણમાં અને બાકીનો નફો સરખા હિસ્સે વહેંચવાનો છે. (2) આખર સ્ટોક રૂ.24,000; જેમાંથી $\frac{1}{4}$ ભાગના સ્ટોકની બજારકિંમત 75 % આંકવાની છે. (3) તા. 1 - 10 - '16થી ભાડે આપેલ મકાનનું માસિક રૂ. 200 લેખે ભાડું મળવાનું બાકી અને જાહેરાત ખર્ચના રૂ. 700 ચુક્વવાના બાકી છે. (4) ફર્નિચર પર વાર્ષિક 10 % લેખે ઘસારો ગણવાનો છે, ફર્નિચરમાં તા. 1-10 -'16ના રોજ ખરીદેલ રૂ.2,000ના ફર્નિચરનો સમાવેશ થયેલ છે. (5) વધારાની ઘાલખાધ રૂ.500 માંડી વાળો. દેવાદાર પર 5 % લેખે ઘાલખાધ અનામત અને 2 % લેખે વટાવ અનામતની જોગવાઈ કરવાની છે.

2. નીલા અને શીલા મૂડીના પ્રમાણમાં નફો-નુકસાન વહેચતા એક ભાગીદારી પેઢીના ભાગીદારો છે. નીચે દર્શાવેલ કાચા સરવૈયા અને હવાલાનોને ધ્યાનમાં લઈ પેઢીના વાર્ષિક હિસાબો તૈયાર કરો :

**નીલા અને શીલાની ભાગીદારી પેઢીનું તા. 31-3-17ના રોજનું કાચું સરવૈયું**

| ખાતાંનું નામ | ઉધાર બાકીઓ (₹) | જમા બાકીઓ (₹) |
|---|---|---|
| નીલાની મૂડી અને ઉપાડ | 20,000 | 1,00,000 |
| શીલાની મૂડી અને ઉપાડ | 14,000 | 50,000 |
| વેપારીઓ અને ગ્રાહકો | 90,000 | 60,000 |
| માલપરત | 2000 | 3000 |
| હૂંડીઓ | 15,000 | 20,800 |
| રોકડ અને બૅન્ક | 1000 | 14,000 |
| ઘાલખાધ અને ઘાલખાધ અનામત | 400 | 1300 |
| ખરીદી અને વેચાણ | 1,40,000 | 2,60,500 |
| મજૂરી અને મજૂરીનાં બાકી દેવાં | 35,000 | 2000 |
| મશીનરી | 36,500 | – |
| મશીનરીનો ઘસારો | 3500 | – |
| ફર્નિચર | 12,000 | – |
| શરૂઆતનો સ્ટૉક | 46,100 | – |
| અગાઉથી ચૂકવેલ વીમો | 200 | – |
| પગાર | 23,000 | – |
| વીમા-પ્રીમિયમ | 2000 | – |
| ભાડું અને કરવેરા | 12,000 | – |
| જાહેરાત ખર્ચા | 2900 | – |
| પાઘડી | 72,000 | – |
| ભાડાપટાનું મકાન (તા. 1-10-14થી પાંચ વર્ષ માટે) | 14,000 | – |
| લીલાની 8 %ની લોન (તા. 1-11-16) | – | 30,000 |
| **કુલ સરવાળો** | **5,41,600** | **5,41,600** |

હવાલા : ( 1) આખર સ્ટોક રૂ.1,10,000 છે, જેની બજારકિંમત 20 % વધુ છે. (2) ભાગીદારોને મૂડી પર વાર્ષિક 6 % લેખે વ્યાજ ચૂકવવાનું છે. (3) ભાગીદારો પાસેથી ઉપાડ પર વ્યાજ વસુલ કરવાનું છે : નીલા રૂ.900, શીલા રૂ. 600. (4) દેવાદારો પર 5 % ઘાલખાધ અનામતની જોગવાઈ કરો. (5) હિસાબી વર્ષના અંતે ચૂકવવાના બાકી ખર્ચા આ મુજબ છે : (ભાડું રૂ.300, પગાર રૂ.950. ( 6 ) મશીનરી પર 10 % અને ફર્નિચર પર 5 % ઘસારો ગણો.

MINRAJ

## GOOD LUCK